અમદાવાદ(ગ્રામ્ય)ના મે.૮ માં એડી.જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,
મુ.મીરઝાપુર, અમદાવાદ.

ક્રિ.કે. નં. ૮૩૭૯/૧૮

આંક: ૭

ફરિયાદી:- શ્રી સરકાર

વિ.

આરોપી:-

**ગુનો:- ઈ.પી.કો.કલમ: ૨૮૩ મુજબ.**

ચુકાદો

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજરોજ ના.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક આલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગુ પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુનાની કબુલાત પુરસીસ લીધી.તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે.અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુજો કબુલ કરે છે.અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ:૨૮૩ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/ અંકે રૂપીયા એકસોનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૮ માહે: સપ્ટેમ્બર સને:૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

મુ:અમદાવાદ.

(ટી.એ.ભાડજા)
UIC NO G J 01399
૮ મા એડી.જ્યુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.